**સ્પે. એ.સી.બી. કેસ નં. ૩/૨૦૧૪.**

**<u>ચાર્જશીટ લગત હુકમ</u>.**

---

૧. આજરોજ આ કામે સાહેદ મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ, કે જેઓ આ કામના મુળ ફરિયાદી છે તેઓની ઉલટ તપાસ દરમ્યાન બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા જે સવાલ પુછવામાં આવેલો તે બાબતે કોર્ટ ધ્વારા વાંધો લેતાં બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ સદર વાંધો વ્યાજબી ન હોવાનુ જણાવી તેઓએ કોર્ટને દબાવવાનો પ્રયત્ન કરવાનો પ્રયાસ કરેલ છે. જેથી સદર બાબતે બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી સાથે દલીલો થયેલ છે અને સદર દલીલો દરમ્યાન બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, કોર્ટ ફરિયાદપક્ષ તરફથી રહેલી લેકયુના પુરી કરવાનો પ્રયત્ન કરે છે. જે બચાવપક્ષ તરફની રજુઆત વ્યાજબી ન હોઈ તેઓને તે બાબતે જણાવતાં વધુ દલીલો દરમ્યાન બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા કોર્ટ આરોપીને સજા કરી નાખે તેવી રજુઆત કરેલ છે. જે સંજોગોમાં જયારે બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા કોર્ટની કાર્યવાહી બાબતે અવિશ્વાસ ઉભો કરેલ છે ત્યારે કોર્ટની કાર્યવાહીમાં વિશ્વાસ રહે અને ફકત ન્યાય કરવો જરુરી નથી, પરંતુ ' ન્યાય થયેલ છે તેવુ દેખાવવુ પણ જોઈએ ' તે સિધ્ધાંતને ધ્યાને લેતાં હાલનો આ કેસ અત્રેની અદાલતમાંથી અન્ય અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

...૨........

**–:: <u>હુ ક મ</u> ::–**

મેં. સેશન્સ જજ, પાટણને આ કેસ અન્ય અદાલતને ટ્રાન્સફર કરવા માટે યાદી પાઠવવી.

હુકમ આજ તા. ૨૩, માહે જૂન, સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩–૦૬–૨૦૧૬.

પાટણ.

( મુકેશ કે. દવે )
(Judge Code No.GJ 00101)
સ્પેશ્યલ જજ,
**પાટણ.**

ડી.ડી.મોદી.